ઘ-૫ પાસે બેફામ ગતિએ વિટકોસે બાઈકને અડફેટે લેતા બે ગંભીર

અકસ્માત નજરે જોઈને રોષે ભરાયેલી ટોળીએ પથ્થરમારો કરીને બસની તોડફોડ કરી આક્રોશ ઠાલવ્યો

ગાંધીનગર, તા.૧૩

શહેરના ઘ-૫ સર્કલ નજીક વળાંક લઈ રહેલા બાઈકને પુરપાટ ઝડપે નીકળેલી સીટી બસ વિટકોસે અડફેટે લઈ લેતા બાઈક સવાર બે યુવાનો ગંભીર રીતે ઘવાયા હતાં. વિટકોસના ચાલકો દરરોજ શહેરના આંતરીક માર્ગો પર પણ બેફામ ગતિએ બસ હંકારતા હોવાથી વસાહતીઓ સતત અકસ્માતના ભયમાં રહેતા હોય છે. ત્યારે આજે સાંજે બનેલી આ ઘટનાને નજરે જોનાર રાહદારીઓ રોષે ભરાયા હતા અને ઉશ્કેરાઈ ગયેલા ટોળાએ બસ પર પથ્થરમારો કરીને તોડફોડ કરી મુકી હતી. પરિસ્થિતિને કાબુમાં લાવવા તાત્કાલીક પોલીસ બોલાવી લેવી પડી હતી. બંને ઈજાગ્રસ્તોને સારવાર હેઠળ ખસેડવામાં આવ્યા છે જે પૈકી એકને ગંભીર હાલતમાં એપોલો હોસ્પિટલ લઈ જવામાં આવ્યો છે.

એપોલોમાં સ્ટાફ બ્રધર તરીકે ફરજ બજાવતા મુળ રાજસ્થાનના વતની બે યુવાનો ૨૫ વર્ષીય ફુલચંદ માંગીલાલ ચૌહાણ અને ૨૬ વર્ષીય તુલીન્દ્ર બાઈક પર ઘ-૫ સર્કલ નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે બેફામ ગતિએ આવી ચઢેલી વિટકોસે વળાંક પાસે બાઈકને ટકકર મારી દેતા બાઈક પર સવાર બંને યુવાનો ફંગોળાઈને જમીન પર પટકાયા હતાં. આ અકસ્માતમાં બંનેને ગંભીર ઈજાઓ થતા તાત્કાલીક ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવાયા હતા. પરંતુ ફુલચંદની હાલત અત્યંત ગંભીર જણાતા લોહીલુહાણ હાલતમાં એપોલો હોસ્પિટલ વધુ સારવાર અર્થે ખસેડવામાં આવ્યો છે અને જીવન-મૃત્યુ વચ્ચે ઝોલા ખાઈ રહ્યો છે. તો બીજી તરફ વિટકોસની બેફામ ગતિથી તોબા પોકારી ઉઠેલા રાહદારીઓ અને વાહનચાલકો તથા વસાહતીઓનું ટોળું અકસ્માતના સ્થળે દોડી આવ્યું હતું અને બસ પર પથ્થરમારો કરીને તોડફોડ શરુ કરી દઈ પોતાનો આક્રોશ ઠાલવ્યો હતો. શહેરમાં ટુ-વ્હીલર અને ગાડીઓ પર ગતિ નિયંત્રણ માટે પોલીસ કામગીરી કરી રહી છે ત્યારે શહેરના માર્ગો પર મનફાવે તેમ સ્પીડમાં ચાલતી વિટકોસની ગતિને નિયંત્રણમાં લેવા પણ પોલીસે કામગીરી હાથ પર લેવી આવશ્યક બની છે. રોષે ભરાયેલા ટોળાને શાંત પાડવા મટે તાત્કાલિક અસરથી પોલીસ કાફલો બોલાવી લેવાની ફરજ પડી હતી. આક્રોશમાં આવી ગયેલા ટોળાએ પોલીસ આવી પહોંચતા અંતે શાંત પડયા હતાં. સે-૨૧ પોલીસે પ્રાથમિક તબક્કે જાણવા જોગ નોંધી કાર્યવાહી શરુ કરી છે. વિટકોસની બેફામ ગતિની ફરિયાદો સંદર્ભેજિલ્લા પોલીસ વડા શરદ સિંઘલે જણાવ્યું હતું કે વિટકોસ સીટી બસને ગતિ નિયંત્રણનું ચુસ્તપણે પાલન કરવા સુચના આપી દેવાશેઅને નગરપાલિકાનું પણ આ બાબતે ધ્યાન દોરાશે.

વિટકોસને ગતિ નિયંત્રણનું ચુસ્તપણે પાલન કરવા સુચના અપાશે : એસ.પી.

આજે જલારામ મંદિર પરિષદમાં ચામડીના રોગોનો નિદાન કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા. ૧૩

શ્રી જલારામ સેવા સમાજ ટ્રસ્ટના ઉપક્રમે આજે ગાંધીનગરના જલારામ મંદિર ખાતે ચામડીના રોગોનો નિદાન કેમ્પ યોજવામાં આવશે.

ગાંધીનગરના સેક્ટર-૨૯માં આવેલા જલારામ મંદિર ખાતે આજે તા. ૧૪મી ઓક્ટોબર-૨૦૧૨ને રવિવારના રોજ સવારે ૧૧ થી ૪ દરમિયાન ચામડીના રોગોનું નિદાન કરતો કાર્યક્રમ યોજાશે. સુરેન્દ્રનગરના તબીબ ડૉ. એ.એસ. સોની દ્વારા ચામડીના તમામ પ્રકારના રોગોનું આયુર્વેદિક પદ્ધતિથી નિદાન કરી રાહતદરે દવાઓનું વિતરણ કરવામાં આવશે. નગરજનોને ચામડીના રોગના નિદાનની શિબિરનો લાભ લેવા જલારામ સેવા સમાજ ટ્રસ્ટે ખાસ જણાવ્યું છે.

જય અંબે પરિવાર ગાંધીનગર દ્વારા મંત્રલેખન બુકનું નવરાત્રીમાં વિતરણ

ગાંધીનગર, તા. ૧૩

જય અંબે પરિવાર ગાંધીનગર દ્વાર વર્ષ દરમિયાન કરવામાં આવતી પ્રવૃત્તિઓના ભાગરૂપે સવા કરોડ નર્વાણ મંત્ર લેખન કરવાનો મહિમા સવિશેષ છે. પરિવાર દ્વારા નર્વાણ મંત્ર, મંત્રલેખન બુક અને લાલપેનનું વિતરણ નીચેના કેન્દ્ર પર વિના મૂલ્યે કરવામાં આવશે.

લલિત પટેલ, પ્લોટ. ૯૭૬/૨, સેક્ટર૨૧ ઉબી, કાન્તિલાલ પટેલ, પ્લોટ નં. ૭૭૫/૧, સેક્ટર-૨સી, વી.જે.પટેલ, પ્લોટ નં. ૫૬૨/૨, સેક્ટર-૨૨, ચંદ્રેશ ગાંધી, પ્લોટ નં. ૯૩૮/૧, સેક્ટર-૭સી, સતીષ પટેલ, પ્લોટ નં. ૮૫૦/૨, સેક્ટર-૪સી, અભેસિંહ પરમાર, બ્લોક નં. છ-ટાઈપ, ૮૦/૪, સેક્ટર-૨૦, દીપક વ્યાસ, ૪૦૧, હરસિધ્ધિનગર, સેક્ટર-૨૪ થી મળી રહેશે. તેમ જય અંબે પરિવારના પ્રમુખ લલિત પટેલે જણાવેલ છે.

બાલોદ્યાનના તળાવમાં ચાર નવી બોટ તરતી મુકાશે

ગાંધીનગર, તા. ૧૩

સે. ૨૮ બાલોદ્યાનમાં તળાવ રીનોવેશનની યોજનાનું કામ હજુ ઠેકાણે પડ્યુ નથી. જો કે તળાવનું આકર્ષણ વધારવા તંત્ર દ્વારા નવી ચાર બોટ તરતી મુકવામાં આવનાર છે. નજીકના દિવસોમાં જ તળાવમાં ત્રણ પેડલ બોટ અને એક હલેસા બોટ તરતી મુકવામાં આવશે.

સે. ૨૮ બાલોદ્યાનના નવીનીકરણના મામલે તંત્ર જેટલુ ગાજ્યુ તેટલું વરસ્યું નથી. પ્રાથમિક તબક્કે ઉદ્યાનમાં વર્ષોથી બંધ મીની ટ્રેઈનને ગ્રીન સિગ્નલ અપાયા બાદ બાલોદ્યાનના વિકાસ માટે કોઈ ખાસ વિશેષ કામગીરી થઈ ન હોવાનો સૂર ઉઠવા પામ્યો છે. મીનીટ્રેઈન શરૂ કરવા ઉપરાંત રેલવે ટ્રેક, પ્લેટફોર્મની કામગીરી પણ હાથ ધરવામાં આવી હતી.જ્યારે મીની ટ્રેઈનની સાથે બાલોદ્યાનમાં આવતા સહેલાણીઓ માટે આકર્ષણનું કેન્દ્ર સમાન તળાવને નયનરમ્ય બનાવવાની યોજના વિસરાઈ ગઈ છે.

તળાવ રીનોવેશનને અનુલક્ષી ખર્ચના અંદાજ સાથે અગાઉ તંત્ર દ્વારા વિભાગ કક્ષાએ દરખાસ્ત રજૂ કરવામાં આવી હતી. પરંતુ આ કામગીરી પાછળ ખર્ચ વધુ થતો હોવાનું ધ્યાને આવતા તબક્કાવાર તળાવની સફાઈ કરીને જ રીનોવેશનનો વિચાર પડતો મુકાયો હોવાનું પણ તંત્રના અંતરંગ સૂત્રોએ જણાવ્યું હતું. બીજીતરફ દિવાળી વેકેશનનો સમય પણ નજીકમાં છે ત્યારે બાલોદ્યાનની રોનક નિખારવા તળાવમાં નવી ચાર બોટ તરતી મુકવામાં આવનાર છે. જમાં ત્રણ પેડલ બોટ અને હલેસા બોટનો સમાવેશ થાય છે. મશીન બોટ મુકવાની વિચારણા પછી ચાર નવી બોટ મુકાશે. નજીકના દિવસોમાં જ તળાવની રોનક નિખરશે.

ઉવારસદ રોડ પરથી ઈટર્નો પર દેશી દારુની ખેપ માટેનો શખ્સ ઝડપાયો

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર નજીક ઉવારસદ રોડ પરથી ઈટર્નોમાં દેશી દારુનો જથ્થો ભરીને હેરાફેરી થઈ રહી હોવાની બાતમીને આધારે અડાલજ પોલીસે વોચ ગોઠવી ઈટર્નો ચાલકને પકડી પાડયો હતો. ઈટર્નોની તાપસ કરતાં તેમાંથી બે મોટા થેલા ભરીને દેશી દારુની ૭૦ લીટરની ૩૫ નંગ પોટલીઓ મળી આવી હતી. પોલીસે તેની પુછપરછ કરતાં નરોડાના નિકોલ રોડ પર શામલ પાર્ક સોસાયટીનો ધર્મેન્દ્રસિંહ દશરથસિંહ રાઠોડ નામનો શખ્સ હોવાનું ખુલ્યું હતું. તેની ધરપકડ કરીને રૂ. ૧૪૦૦નો માલ જપ્ત કરી અડાલજ પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સેકટરોમાં ઉગી નીકળેલા ઘાસની સફાઈ કરવા તંત્રને રજૂઆત

નવરાત્રિ પૂર્વે થતી સફાઈ હજુ પણ થઈ નથી

ગાંધીનગર, તા.૧૩

નવરાત્રિને અનુલક્ષી સેકટરોના નવરાત્રિ ચોકમાં થતી સફાઈ ઝુંબેશના નામે મીંડુ ચિતરાયું હોવાથી સેકટરોની મધ્યમાં સ્થિત અનામત જગ્યાએ તેમજ માર્ગ આસપાસ ઉગી નિકળેલા ઘાસના લીધે આમ નાગરિકોમાં જીવજંતુઓનો ભય મંડરાયો છે. પાટનગર યોજના ભવન કે મહાનગરપાલિકા દ્વારા આ વખતે ઘાસ સફાઈની કામગીરી હાથ ન ધરાતા શેરી ગરબાના આયોજકોની મુંઝવણ વધી છે.

શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બૂચે આ અંગે રજૂઆતમાં જણાવ્યા અનુસાર શહેરના સેકટરોમાં નાના મંડળો દ્વારા નવરાત્રિ દરમિયાન ગરબાનું આયોજન કરવામાં આવે છે. સેકટરોમાં વચ્ચે સ્થિત અનામત જગ્યા, કોમન પ્લોટમાં યોજાતા શેરી ગરબાને અનુલક્ષી દર વર્ષ નવરાત્રિ પૂર્વે તંત્ર દ્વારા ચોમાસા દરમિયાન ઉગી નીકળેલું ઘાસ સફાઈ કરવાની કામગીરી હાથ ધરવામાં આવે છે. આ ઉપરાંત માર્ગ આસપાસથી પણ ઘાસ અને ઝાંખરા દૂર કરવા સ્વચ્છતા ઝુંબેશ માટે અભિયાન હાથ ધરવામાં આવે છે. પરંતુ આ વર્ષે સંબંધિત તંત્ર કક્ષાએથી ઘાસ દૂર કરવાની કામગીરી હાથ ન ધરાતા સેકટરવાસીઓમાં જીવજંતુઓનો ભય પ્રવર્ત્યો છે. આ જવાબદારી કોઈની પણ ન થતી હોય તેમ સેકટરવાસીઓની સમસ્યા તરફ દુર્લક્ષ્ય સેવવામાં આવી રહ્યું છે. શહેર વસાહત મહામંડળે આ અંગે પાટનગર યોજના ભવનના કાર્યપાલક ઈજનેરને રજૂઆત કરી વસાહતીઓની હાલાકી દૂર કરવા જણાવ્યું છે. નવરાત્રિ ચોકની સફાઈ માટે પ્રતિવર્ષ થતી સફાઈ વ્યવસ્થા ત્વરિત અસરથી હાથ ધરવા રજૂઆતમાં જણાવાયું છે.

આજે મહર્ષિ તેજનંદ સ્વામીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૧૩

ભારતીય ગુરુ બ્રાહ્મણ વિકાસ પરિષદ ગાંધીનગરના પ્રમુખ ગિરીશ પંડયા, મહામંત્રી રિન્કુભાઈ શ્રીમાળી અને કોષાધ્યક્ષ સુખાનંદ શ્રીમાળીએ સંયુકત અખબારી યાદીમાં જણાવ્યું છે કે, ગુરુ બ્રાહ્મણ સમાજના ગાદીગુરુ મહર્ષિ તેજાનંદ સ્વામીની પ્રતિમા સમક્ષ પુષ્પાંજલિ આપવાનો કાર્યક્રમ આજે તા. ૧૪મી ઓકટોબર ૨૦૧૨ રવિવારે સવારે ૯ કલાકે ગાંધીનગરના અંતિમ ધામમાં રાખવામાં આવ્યો છે. જ્ઞાતિબંધુઓને ઉપસ્થિત રહેવા ખાસ જણાવાયું છે. સંસ્થાના સંગઠન મંત્રી તથા મહર્ષિ તેજાનંદ સ્વામી ઉજવણી સમિતિના અગ્રણી કાંતિલાલ શ્રીમાળીનો સ્વર્ગવાસ થવાથી આ વર્ષે સેકટર-૨-સી, ગાંધીનગર ખાતેનો પુષ્પાંજલિનો કાર્યક્રમ મોકૂફ રાખવામાં આવ્યો છે. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

બાનાખતનું કહીને કરોડોની જમીનનો વેચાણ દસ્તાવેજ કરાવી લઈ છેતરપીંડી

પોલીસ કોન્સ્ટેબલ તથા વકીલ સહીત છ વિરૂદ્ધ ફરીયાદ : બનાખત સ્વરૂપે અપાયેલી ૬૦ લાખ ભરેલી બેગમાંથી પણ કાગળના ડુચા નીકળ્યા..!

ગાંધીનગર, તા. ૧૩

કોલવડા ગામની કરોડોની કિંમતની જમીનના બાનાખતનું કહીને સબ રજીસ્ટ્રાર કચેરી સે. ૧૧ ખાતે આવીને જમીન માલીક પાસે વેચાણ દસ્તાવેજ પર સહીઓ કરાવી દઈ પોલીસ, વકીલ સહીત છ શખ્સોએ મળીને વિશ્વાસઘાત કરી છેતરપીંડી આચરી હોવાની ચાંદલોડીયાના વ્યક્તિએ સે. ૭ પોલીસમથકે ફરીયાદ નોંધાવી છે. આ બાનાખત માટે તેઓએ રૂ. ૬૦ લાખ ભરેલો થેલો પણ આપ્યો હતો. પરંતુ તે ચકાસતા તેમાંથી રૂપિયાને બદલે કાગળના ડુચા નિકળ્યા હોવાનું પોલીસ ફરિયાદમાં ફરીયાદીએ જણાવ્યું છે. સે. ૭ સિનિ. પી.આઈ. એસ.એન. ગઢવીએ છ જણા વિરૂદ્ધ ગુનો દાખલ કરી તે અંગે સઘન તપાસ આરંભી છે.

અમદાવાદના ચાંદલોડીયા ખાતે રહેતા દિપકભાઈ કચરાભાઈ પટેલને ગાંધીનગરના કોલવડા ગામે કરોડોની જમીન છે. આ જમીનના વેચાણ માટે ચર્ચા ચાલી રહી હતી. દરમ્યાન તેનો સોદો નક્કી થતા ગઈકાલે આ જમીનના બાનાખત માટે બન્ને પાર્ટીઓ સબ રજીસ્ટ્રારની કચેરીમાં બપોરના સુમારે મળી હતી. રૂ. ૬૦ લાખની કિંમતનો બાનાખત કરવાનું નક્કી થતા જમીન ખરીદનાર પાર્ટીઓ રૂપિયા ભરેલો થેલો લઈને આવી ગઈ હતી. અને થેલો દિપકભાઈને આપ્યો હતો. ૬૦ લાખનો થેલો આપીને બાનાખતને બદલે દિપકભાઈ પાસે વેચાણ દસ્તાવેજમાં સહી કરાવી લેવામાં આવી હોવાનો કિસ્સો ગઈકાલે બનવા પામ્યો છે. બાનાખતનું કહીને વેચાણ દસ્તાવેજ કરી તેની જમીનનો કરી દીધા ઉપરાંત બાના સ્વરૂપે આપેલી ૬૦ લાખ ભરેલી બેગ ખોલીને ચેક કરતાં તેમાંથી પણ કાગળના ડુચા મળ્યા હોવાનું ફરીયાદમાં જણાવવામાં આવ્યું છે. આ છેતરપીંડીમાં પોલીસ કોન્સ્ટેબલથી માંડીને વકીલ સહિત છ મિત્રોની સંડોવણી હોવાનું ફરીયાદમાં ઉલ્લેખ છે. દિપક પટેલની ફરિયાદને આધારે સે. ૭ પોલીસે બાલવા ખાતે રહેતા સુરેન્દ્રસિંહ પૃથ્વીસિંહ ભાટી, હમીરસિંહ પ્રતાપસિંહ વાઘેલા, ગાંધીનગર હેડ ક્વાર્ટરમાં પોલીસ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા ઘનશ્યામસિંહ પ્રતાપસિંહ વાઘેલા, વકીલ જયંતિ બારોટ, પ્રદિપસિંહ રતનસિંહ વાઘેલા અને સુરેન્દ્રસિંહ પ્રતાપસિંહ વાઘેલા વિરૂદ્ધ છેતરપીંડી અને વિશ્વાસઘાતનો ગુનો દાખલ કરી તેમની શોધખોળ પ્રક્રિયા હાથ ધરી છે.

સે. ૨૨ નવરાત્રી મહોત્સવ સમિતિના હોદેદારો વરાયા

ગાંધીનગર, તા. ૧૩

૨૪મા વર્ષમાં પ્રવેશી રહેલી સેક્ટર-૨૨ સાર્વજનિક નવરાત્રી મહોત્સવ સમિતિના હોદેદારોની વરણી તાજેતરમાં કરવામાં આવી હતી.

સમિતિના પ્રમુખ તરીકે કાલીદાસ વી. પટેલ, ઉપપ્રમુખ રમેશભાઈ ડી. ચૌધરી, દિલીપસિંહ એન. વાઘેલા, દશરથભાઈ એમ. પટેલ, સહમંત્રી રાકેશ આઈ. પટેલ, પ્રભાત એ. દેસાઈ, રાજેશ પટેલ, હિમાંશુ પટેલ, અશોકભાઈ પટેલ, ખજાનચી મોનિલ પટેલ, મુકેશભાઈ પટેલ અને હિંમતભાઈ સોલડીયા, કારોબારી સભ્યો તરીકે પશાભાઈ એમ. પટેલ, ભરતભાઈ ટી. જોષી, દિપક પટેલ, રણવીરસિંહ રાઠોડ, જગદીશભાઈ નાયી, કેતનભાઈ પટેલ, જનક પટેલ, નરેન્દ્રભાઈ રાવલની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

વી કેર ફાઉન્ડેશન દ્વારા યોગ અને વ્યસન મુકિત શિબિર યોજાઈ

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગરના વી કેર ફાઉન્ડેશનના જે.સી. પટેલે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, તાજેતરમાં બે દિવસની યોગ અને વ્યસન મુકિત શિબિર અમરેલી ખાતે યોજવામાં આવી હતી. જેમાં આશરે ૨૪૦૦ શિબિરાર્થીઓ જોડાયા હતાં.

વી.એમ. સાકરીયા મહિલા સંસ્થાન, બોટાદ, કે.બી. ઝાલાવાડિયા સંકુલ અને આઈ.ટી.આઈ. અમરેલી ખાતે તાજેતરમાં યોગ અને વ્યનસ મુકિત કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. શરીર અને મન ઉપર યોગથી થતા ફાયદા અને વિવિધ વ્યસનોથી થતાં ગેરફાયદાઓ વિશે નિષ્ણાંતો દ્વારા વકતવ્યો આપવામાં આવ્યા હતા. જ્ઞાન સાથે ગમ્મતથી પ્રેકટીકલ જ્ઞાન આપવામાં આવ્યું હતું. જેમાં આશરે ૨૪૦૦ જેટલા શિબિરાર્થીઓએ લાભ લીધો હતો તેમ વી કેર ફાઉન્ડેશન પ્રોજેકટ ચેરમેન કિશોર સતાસીયાએ જણાવ્યું છે.

પ્રથા ફાઉન્ડેશનના ઉપક્રમે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૧૩

પ્રથા ફાઉન્ડેશનની સ્થાપનાને પ્રથમ વર્ષ પૂર્ણ થતાં સંસ્થાના સભ્યો દ્વારા તાજેતરમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. સેક્ટર-૩-બ્યુ, ગાંધીનગર ખાતે સંસ્થાના સ્થાપક સ્વર્ગસ્થ હિમાંશુ મહેતાને આ પ્રસંગે શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી અને વિધ-વિધ છોડવાઓનું ટ્રસ્ટી મંડળ દ્વારા વાવેતર કરવામાં આવ્યું હતું.

વૃક્ષારોપણ કાર્યક્રમમાં પ્રથા ફાઉન્ડેશનના ટ્રસ્ટી મંડળ દ્વારા વડ, ખાખરા, સીમડા અને સીશમ જેવા છોડવાઓનું વાવેતર કરવામાં આવ્યું હતું. સંસ્થાનો સર્વાંગી વિકાસ કરવાનો સૌએ સંકલ્પ લીધો હતો તથા છોડવાઓને વ્યવસ્થિત ઉછેર થાય અને છોડમાં જય રણછોડની પવિત્ર ભાવના રહેલી છે તેને સૌએ આ પ્રસંગે ઉજાગર કરી હતી. વન વિભાગ તરફથી સમગ્ર કાર્યક્રમને યોગ્ય સહકાર આપવામાં આવ્યો હતો. જે બદલ ટ્રસ્ટી મંડળ દ્વારા દરેકનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૩૬

સૂર્યાસ્ત : ૬.૧૯

તાપમાન

મહત્તમ : ૩૬.૨ ડિ.સે. લઘુત્તમ : ૧૯.૨ ડિ.સે.

મોસમ કુલ વરસાદ : ૭૦૭ એમ.એમ.

ભેજનું પ્રમાણ

સવારે ૭૧ ટકા ● સાંજે ૪૧ ટકા

મનોરંજન

સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :
ઓહ ! માય ગૉડ : ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૩૦
ભૂત ૨ : ૧૦.૩૦, ૧૨.૩૦

: સ્ક્રીન-૨ :
ઈંગ્લીશ વિંગ્લીશ : ૧૨.૪૫, ૭.૦૦
અઈય્યા : ૧૦.૦૦, ૩.૩૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :
ઈંગ્લીશ વિંગ્લીશ : ૩.૩૦, ૧૦.૦૦
અઈય્યા : ૧૨.૩૦, ૬.૩૦

: સ્ક્રીન-૪ :
ચિત્તાગોંગ : ૧૨.૩૦, ૨.૩૦
મખ્ખી : ૧૦.૦૦, ૫.૦૦, ૭.૩૦, ૧૦.૦૦

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ભૂત રિટર્ન્સ (૩ડી) : ૯.૧૫, ૧.૪૫, ૬.૧૫, ૧૦.૪૫
મખ્ખી : ૧૧.૪૫, ૩.૪૫, ૮.૧૫

: સ્ક્રીન-૨ :
ઓહ! માય ગોડ : ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૩ :
અઈય્યા : ૯.૪૫, ૩.૩૦, ૬.૩૦, ૯.૪૫
બર્ફી : ૧૨.૪૫

: સ્ક્રીન-૪ :
ઈંગ્લીશ વિંગ્લિસ ૧૦.૩૦, ૧.૧૫, ૪.૦૦, ૬.૪૫, ૧૦.૦૦

સૂર્યા, વાવોલ

ભૂત- ૨ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
મારા રૂદિયે વાલા સીતારામ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
ભૂત રિટર્ન્સ : ૧૦.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
ઓહ! માય ગોડ : ૧.૩૦, ૪.૩૦,

: સ્ક્રીન-૨ :
અઈય્યા : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૩ :
ઓહ! માય ગોડ : ૧૧.૧૫, ૭.૦૦, ૧૦.૦૦
મખ્ખી : ૧.૪૫, ૪.૧૫

વિરાગ, કલોલ

ભૂત રીર્ટન : ૧૦.૪૫, ૩.૪૫, ૮.૩૦
મખ્ખી : ૧૨.૪૫, ૬.૦૦, ૧૦.૩૦

આંબેડકર હોલ

- વિશ્વવંચિત સંગઠન ગાંધીનગર દ્વારા સામાજિક કાર્યક્રમ બપોરે ૨.૦૦ કલાકે.
- સીનીયર સીટીજન્સ કાઉન્સીલ ગાંધીનગર દ્વારા સામાજિક કાર્યક્રમ સાંજે ૪.૦૦ કલાકે.

શૈક્ષણિક

- કડી સર્વ વિશ્વવિદ્યાલય ગાંધીનગરના ઉપક્રમે સેકટર-૨૩ ખાતે આવેલ આર.એન. લલિતકલા આર્ટ એન્ડ હોબી આયોજીત ગરબાની એક દિવસીય કાર્યશાળાનું આયોજન સવારે ૮.૦૦ કલાકે.

આપની આજ

મેષ : આજે વ્યાપાર-વ્યવસાયમાં કાર્યક્ષેત્રનો વિકાસ અને વ્યાપારિક મુશ્કેલીઓ દૂર થઈ શકશે. કૌટુંબિક વિખવાદોનો અંત આવતો જણાય.

વૃષભ : યાત્રા-પ્રવાસનું આયોજન થઈ શકે છે. અટકેલા નાણાં પ્રાપ્ત થવાથી હર્ષ થશે. કૌટુંબિક ચિંતાઓમાંથી બહાર આવી શકશો. વ્યવસાયિક સ્થિતિ સારી રહેવાની સંભાવના છે.

મિથુન : કૌટુંબિક જીવનમાં સુખ- સમૃદ્ધિ વધારો થઈ શકે છે. વ્યાપાર-રોજગારક્ષેત્રમાં વિસ્તાર હેતુ પ્રયત્ન વધુ કરવો પડશે.

કર્ક : નકામો તનાવ, મુશ્કલીઓથી ઘેરાયેલા રહેવાની શકયતાઓ છે. નવા કાર્યો, વિચાર, યોજનામાં વિશેષ સુજાવો લેવા. આર્થિક વિવાદોથી નુકશાન થઈ શકે છે.

સિંહ : આજે ઘણા સમયથી અટકેલું કાર્ય પૂર્ણ થવાની સંભાવના છે. નોકરીમાં ઉપરી અધિકારીઓનો સાથ-સહકાર મળી રહેશે. લાભનો માર્ગ મોકળો થઈ શકે છે.

કન્યા : ઘેરાયેલી કૌટુંબિક સમસ્યાઓથી આજે સુખમય નિરાકરણ આવશે. વ્યાપારક્ષેત્રમાં આવી પડેલી ચિંતા દુર થઈ શકશે. સંતાનને રોજગારના ક્ષેત્રે ઉન્નતિ મળશે. આવકના નવા સાધનો પ્રાપ્ત થઈ શકે છે.

તુલા : ખાનપાનમાં ગડબડીથી પેટમાં તકલીફો ઉભી થઈ શકે છે. શારીરિક સ્વાસ્થ્યનું ખાસ ધ્યાન રાખવું. ઋતુ પ્રમાણે આહાર લેવો વિશેષ યાત્રા-પ્રવાસનો યોગ બની રહ્યો છે.

વૃશ્ચિક : કુટુંબિજનો અને મિત્રોનો સાથ-સહકાર મળવાથી કાર્યમાં પ્રગતિ પ્રાપ્ત થઈ શકશે. તમારા કાર્યોની પ્રસંશા થશે. ઋણથી મુકત થશો.

ધન : માન- સન્માનમાં વધારો થઈ શકશે. વ્યવસાયિક લાભ અને સુખ - સમૃદ્ધિમાં વધારો થઈ શકે છે.

મકર : ધર્મ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં ગહન ચિંતનનો યોગ બની રહ્યો છે. વિવાદિત વ્યાપારિક કાર્યોમાં આર્થિક લાભનાં નવા સ્ત્રોત તરફ વિચાર- વિમર્શનો યોગ બની રહ્યો છે.

કુંભ : સામાજિક જીવનમાં વિશેષ ઉન્નતિકારક યોગોને કારણે મન પ્રસન્ન રહેશે. જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે.

મીન : મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાનો યોગ બની રહ્યો છે. કુટુંબમાં સારું વાતાવરણ મનને પ્રસન્નતા આપશે. વિરોધીઓથી સાવધાન રહેવું આપને પરેશાન કરી શકે છે.

ચિરવિદાય

- સ્વ. લીલાબેન બબાભાઈ પટેલ (ઉ.વ.૭૦) મુ.પો. પેથાપુર, તા.જિ. ગાંધીનગર.
- સ્વ. ચંચળબેન મંગળદાસ પટેલ (ઉ.વ.૯૩) પ્લોટ નં. ૫૩૫/૨, કિસાનનગર, સેકટર-૨૬, ગાંધીનગર.